જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/03/૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૪૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૬૯ લીટર દેશી દારૂ, ૨૬૫ ઇંગ્લીશ દારૂ, ૬૮ બીયર ટીન અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૧,૯૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૪૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૬૪૯/૧૭

**એલીસબ્રીજઃ** વિજયકુમાર પ્રમપ્રકાશ વર્મા (રહે.કૃષ્ણનગર હાઉસીંગ બોર્ડના મકાન સૈજપુર બોઘા સૈજપુર) એ તા.૨૮/૩/૧૭ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧/૨૦૧૬ નારોજ એસ.આઈ.એસ પ્રોસીજર હોલ્ડીંગ્સ નામની સિક્યોરીટીમાં કામ કરતા આરોપી રમેશભાઇ બદજીભાઇ ડામોર (રહે. વિસત પેટ્રોલપંપ પાસે પુજા ફ્લેટની બાજુમા છાપરામાં ચાદખેડા) એ પાલડી કોઠાવાલા ફ્લેટની બાજુમા નલ્લી સાડી શો રૂમના રૂપિયા ૪,૪૨,૫૦૦/- બેંકમાં જમા નહિ કરી કંપની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.ખોખરા ચલાવે છે.

## દુષ્પ્રેરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૬૫૦/૧૭

**રામોલઃ** કુલદિપ રામસ્વરૂપ કેવટ (ઉ.વ.૧૮) (રહે. શંકર એસ્ટેટ સુરેલીયારોડ રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કુલદીપ કેવટની બહેન સવિતાબહેને તેના પતિ રામમીલન સ/ઓ રામવિલાસ કેવટ (ઉ.વ.૨૪) ના શારીરીક અને માનસીક ત્રાસના કારણે સવિતાબહેને તા.૨૭/૩/૧૭ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઓઢવઃ** પરસોતમભાઇ સ/ઓ વિશાભાઇ પરમાર (ઉ.વ.૭૦) (રહે. અલ્કાપુરી સોસાયટી ગીતા ગૌરી સિનેમા પાછળ સોનીની ચાલી ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઘર નજીક રહેતા આરોપી નીતીનભાઇ પરસોતમભાઇ મકવાણાએ લગ્ન કરવાનો વિશ્વાસ આપી પરસોતમભાઇ પરમારની પુત્રી સાથે પ્રેમ સંબંધ બાંધ્યો હતો. બાદમાં લગ્નની કરવાની વાત કરતા નીતીનભાઈએ ના પાડી દેતા પરસોત્તમભાઈ પરમારની પુત્રીને મનમાં લાગી આવતા તા.૨૮/૩/૧૭ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૫૧/૧૭</u>**

**વસ્ત્રાપુરઃ** તરુણભાઇ સંતરામભાઇ વર્મા (રહે. લેન-૨ સેક્ટર-૭ સત્યાગ્રહ છાવણી સેટેલાઇટ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૩/૧૭ રાતના ૧૦/૩૦ થી તા.૨૮/૩/૧૭ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન બોડકદેવ સાર્થીક સ્ક્વેરમા ત્રીજા માળે સ્વાગત ગ્રુપ નામની કન્ટ્રકશન ઓફીસ નં ૩૦૭,૩૦૮ માં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લેપટોપ નંગ-૨ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ઝાલા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન તોડી ખેચી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૫૨/૧૭</u>**

**બાપુનગરઃ જ્યોતીકાબહેન ડો/ઓ કાંતીલાલ સોલંકી (ઉ.વ.૪૦) (રહે. માધવ રેસીડેન્સી લંગડીયા હનુમાન મંદીર પાસે વિરાટનગર ઓઢવ)** તા.૨૮/૩/૧૭ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે **બાપુનગર ગરીબનગર ચાર રસ્તાથી મરઘાફાર્મ રોડ અખબારનગરના છાપરા પાસેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે** એક મોટર સાયકલ ઉપર આવેલ **(૨૫ થી ૩૦ વર્ષના આશરાના)** બે પુરૂષો જયોતિકાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જયોતિકાબહેન સોલંકીએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **એસ.એ.પટેલ** ચલાવે છે.

**<u>મોબાઈલ ફોન ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૫૩/૧૭</u>**

**બાપુનગરઃ** વિશાલ વલ્લભભાઇ પટેલ (ઉ.વ.૨૯) (રહે. સહજાનંદપાર્ક સોસાયટી મનોહરવિલા સામે, નિકોલ નરોડા રોડ) તા.૨૬/૩/૧૭ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર હિરાવાડી રોડ સોનલપાર્ક સોસાયટી સામે મોબાઈલ ફોનમાં વાત કરતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો વિશાલ પટેલના હાથમાંથી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિશાલ પટેલે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)